PGVCL

# ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ

## પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ

રજી. અને કોર્પોરેટ ઓફિસ, નાના મવા મેઇન રોડ, લક્ષ્મીનગર, રાજકોટ – ૩૬૦ ૦૦૪

CIN: U40102GJ2003SGC042908;

ફોન નંબર : (૦૨૮૧) ૨૩૮૦૪૨૫, ૨૩૮૦૪૨૭; ફેક્સ : ૨૩૮૦૪૨૮;

ઈ-મેલ : forum.pgvcl@gebmail.com; વેબસાઈટ : www.pgvcl.com

પીજીવીસીએલ/સીજીઆરએફ/૦૧/ક્વા-૦૪/૨૦૨૩-૨૪/ ૩૫૦-૧ તારીખ : ૦૮ - ૦૨ - ૨૦૨૪

<u>રજી. એડી. પત્ર</u>

પ્રતિ,
મેં.માહિર ઓઈલ મીલ
સિંધાવદર ,
મુ. પો. : સિંધાવદર, તા. : વાંકાનેર, જી. : મોરબી,
પીન કોડ. : ૩૬૩૬૨૧
મોબાઈલ : ૯૯૭૯૦૨૦૦૯૬

વિષય : LTMD કનેક્શનમાં લોડ ઘટાડા અંગે.

સંદર્ભ: આપશ્રીની રજુઆત પત્ર નંબર : Email Dated , તા. 03-01-૨૦૨૪.
( અત્રેના ફોરમની નોંધણી નંબર : ૦૧/ક્વા-૦૪/૨૦૨૩-૨૪ )

મહોદયશ્રી,

આપશ્રી દ્વારા ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ સમક્ષ કરવામાં આવેલ અરજીના ચુકાદાની પ્રમાણિત નકલ આ સાથે સામેલ છે.

જે આપશ્રીને સુવિદિત થાય, આપના સહકાર સહ, આભાર સહ.

આપનો વિશ્વાસુ,

( સી. જે. ગજેરા )
કા.વા. કન્વીનર
ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,
પ.ગુ.વી.કં.લી., રાજકોટ

બિડાણ : ઉપર મુજબ.

**નકલ સાદર રવાના :**

**(૧) અધિક્ષક ઈજનેરશ્રી, પ.ગુ.વી.કં.લી., વર્તુળ કચેરી, મોરબી.**

(૨) કાર્યપાલક ઈજનેરશ્રી, પ.ગુ.વી.કં.લી., વિભાગીય કચેરી, વાંકાનેર.

સદર નિર્ણયપત્રની નકલ આપશ્રીને આ સાથે મોકલવામાં આવે છે. જેની તમામ વિગતો અભ્યાસે લઈ અને નામદાર ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ ( ગ્રાહક તકરાર નિવારણ ફોરમ અને લોકપાલ ) વિનિયમો, જાહેરનામા નં.- ૦૨/૨૦૧૯ ની વિનિયમ નં.- ૨.૫૪ અનુસાર, સદર હુકમના પાલન અંગે થયેલ કાર્યવાહીનો અહેવાલ અત્રેની ફોરમ કચેરીને અચૂક મોકલી આપવા વિનંતી.

(3) નાયબ ઈજનેરશ્રી, પ.ગુ.વી.કં.લી., પેટા વિભાગીય કચેરી, વાંકાનેર ગ્રામ્ય-૧.

# ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ,રાજકોટ

પી.જી.વી.સી.એલ. રજી. અને કોર્પોરેટ કચેરી, લક્ષ્મીનગર નાનામૌવા રોડ, રાજકોટ

CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com

e-mail:forum.pgvcl@gebmail.com

પી.જી.વી.સી.એલ./સીજીઆરએફ/૦૧/ક્વા-૪/૨૩-૨૪/ ૩૬૦ -૧ તા. ૦૪-૦૨-૨૫

૨૦૦૩ ના ભારતીય વીજળી અધિનિયમની કલમ ૪૨ (૫) તેમજ ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) અગાઉના નોટીફીકેશન નં.૦૨/૨૦૧૧ હેઠળ રચાયેલ તેમજ પ્રવર્તમાન નોટીફીકેશન નં.૦૨/૨૦૧૯ મુજબના ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ (CGRF) પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ, રાજકોટ સમક્ષ નોંધાયેલ ફરિયાદ.

નોંધણી નંબર -૦૧/ક્વા-૪/૨૩-૨૪ તા.૦૩-૦૧-૨૦૨૪

| | |
|---|---|
| અરજદાર | : મેં. માહિર ઓઈલ મીલ, ગામ: સિંધાવદર |
| રજૂઆત કરનાર | : અરજદારના પ્રતિનિધિ તરીકે મોયદીનભાઈ અને અબ્દુલરહીમ અજાભાઈ શેરસીયા |

:: વિરુધ્ધ ::

| | |
|---|---|
| સામાવાળા | : કાર્યક્ષેત્ર : પી.જી.વી.સી.એલ. વિભાગીય કચેરી – વાંકાનેર |
| રજૂઆત કરનાર | : શ્રી એ.ડી.ભુવા નાયબ ઈજનેર, પીજીવીસીએલ, ગ્રામ્ય -૧ પેટા વિભાગીય કચેરી વાંકાનેર |

:: કોરમ ::

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Rajkot

| | |
|---|---|
| ૧) ચેરપર્સન | - શ્રી એન.સી. મકવાણા |
| ૨) સભ્ય (સ્વતંત્ર) | - શ્રીમતી નીતીનાબેન એચ. જોષી |

| | |
|---|---|
| સુનાવણી સ્થળ | : કોન્ફરન્સ હોલ, પીજીવીસીએલ, ગ્રામ્ય વર્તુળ કચેરી, રાજકોટ |
| તારીખ | : ૧૯.૦૧.૨૦૨૪ (શુક્રવાર) |

૧.૦ સદર કેસની સુનાવણી તા.૧૯.૦૧.૨૦૨૪ (શુક્રવાર) ના રોજ રાખવામાં આવેલ હતી, જેમાં ઉપર મુજબના પક્ષકારો હાજર રહેલ હતા.

:: અરજદારની રજૂઆત ::

૨.૦ અરજદાર મેં. માહિર ઓઈલ મીલ વાંકાનેર તાલુકાના સિંધાવદર ગામ ખાતે ગ્રાહક નં.૩૪૭૫૭/૦૦૮૧૧/૨ થી વાંકાનેર ગ્રામ્ય-૦૧ પેટાવિભાગીય કચેરી હેઠળ ૫૬ કી.વો.નું LTMD વીજજોડાણ ધરાવે છે.

૨.૧ સદર કનેક્શનમાં લોડ ઘટાડવા તા.૨૯.૦૭.૨૦૨૦ ના રોજ જરૂરી સાધનિક કાગળો રજુ કરી સંલગ્ન કચેરીના સીનીયર આસિસ્ટન્ટના માર્ગદર્શન મુજબ લોડ ઘટાડા કરવા અરજી કરેલ હતી. આ અરજી અંગે પહોચ નં.૮૧૧૭૦૪/૮૧૧૭૦૫/૮૧૧૭૦૬ થી રૂ.૪૭૨/- તા.૨૯.૦૭.૨૦૨૦ થી ભરપાઈ કરેલ હતા અને અરજી સાથે જરૂરી તમામ ડોકયુમેન્ટ તથા ટેસ્ટ રીપોર્ટ રજુ કરેલ છે, તેના આધારે અરજદારને સદર કનેકશનમાં તા.૨૦.૦૭.૨૦૨૧ થી રૂ.૪૬૪૬૫/- તથા તા.૧૮.૦૧.૨૦૨૨ થી રૂ.૨૭૮૪૦/- એમ કુલ રૂ.૭૪૩૦૫/- જમા આપેલ.

૨.૨ ત્યારબાદ તા.૨૦.૦૭.૨૦૨૩ થી સદર કનેકશનમાં જમા આપેલ રકમ રૂ.૭૪૩૦૫/- બીલમાં ડેબીટ કરેલ અરજદારે લોડ ઘટાડાની અરજી આપેલ હોવા છતાં રેકર્ડ પર લોડ ઘટાડો ન કરી, જમા આપેલ રકમ અરજદારના બીલમાં ડેબીટ કરી ભરપાઈ કરવા જણાવેલ. આમ, અરજદાર દ્વારા લોડ ઘટાડાની અરજી કરેલ હોવા છતાં ઓફિસની ભૂલના કારણે રૂ.૨,૦૦,૦૦૦/- જેવું આર્થિક નુકસાન વેઠવું પડે તેમ છે, જેથી સદર

અરજીની તારીખથી લોડ ઘટાડો કરી આપી આર્થિક નુકસાનથી બચાવવા તેમજ આગળના બીલની રકમની રીકવરી ન કરવા અરજદારે અત્રેના ફોરમ સમક્ષ ન્યાયિક રજુઆત કરેલ છે.

## :: પી.જી.વી.સી.એલ.ની રજૂઆત ::

૩.૦ અરજદારની ફરિયાદ અન્વયે પીજીવીસીએલ પક્ષકારની લેખિત રજૂઆત પત્ર નં -૩૧૭ તા.૧૬-૦૧-૨૦૨૪ માં જણાવ્યા મુજબ મે. માહિર ઓઈલ મિલ ગ્રાહક નંબર ૩૪૭૫૭/૦૦૮૧૧/૨ થી ૫૬ કી.વો. નું LTMD ગ્રામ્ય-વીજજોડાણ પેટાવિભાગીય કચેરી વાંકાનેર હેઠળ ધરાવે છે.

૩.૧ સદર ગ્રાહકે પેટા વિભાગ કચેરીમાં લોડ ઘટાડા માટેનો રજી. ચાર્જ રૂ.૪૦૦/- રસીદ નંબર WB ૮૧૧૭૦૪ તા.૨૯-૦૭-૨૦૨૦ થી એસ.આર.નંબર ૧૩૦૨૧૮૩૪ ના આધારે ભરપાઈ કરેલ છે. સદર ગ્રાહક દ્વારા ૫૬ કીવો કરારીત વીજભાર માંથી ૧૦ કીવોનો કરારીત વીજભાર કરવાની અરજી પેટા વિભાગ કચેરીમાં કરેલ તેવું જણાય છે. પરંતુ ત્યારબાદ કોઈજ કાર્યવાહી સદર કેઈસમાં થયેલ હોય તેવું જોવા મળતુ નથી.

૩.૨ સદર ગ્રાહકનો લેઝર રીપોર્ટ તપાસતા બે વખત રૂ.૪૬૪૬૫.૦૦+રૂ૭૮૪૦.૦૦=રૂ.૭૪૩૦૫.૦૦ તેના ખાતામાં રકમ જમા આપેલ જોવા મળેલ પરંતુ સદર કઈસનો લોડ ઘટાડો થયલ ન હોવાથી ઓડીટ સમયગાળા વર્ષ ૨૦૨૧/૨૨ ના ઓડીટ દરમ્યાન ઓડીટ ટીમ દ્વારા સદર રકમની રીકવરી (લોડ ઘટાડો થયેલ ન હોવાથી) કરવામાં આવતા સદર રકમ ગ્રાહકના ખાતામાં ફરી ઉધાર કરવામાં આવેલ. ગ્રાહકનો લેજર રીપોર્ટ તપાસતા લોડ ઘટાડો થયેલ હોય તેવું જોવા મળતું નથી.

૩.૩ તા.૧૨/૦૧/૨૦૨૪ ના રોજ ગ્રાહકના વીજસ્થાપનની ચકાસણી પેટાવિભાગીય કચેરીના નાયબ ઈજનેરશ્રી દ્વારા કરવામાં આવેલ તે સમયે કોઈપણ પ્રકારનો ઔદ્યોગિક લોડ જોડેલ જોવા મળેલ નહી ફક્ત લાઈટીંગ લોડ જોડેલ જોવા મળેલ. લોડ ઘટાડા અંગેના કોઈજ કેઈસ પેપર સલંગ્ન પેટા વિભાગ કચેરીમાં રેકર્ડ પર ક્યાંય ઉપલબ્ધ જોવા મળતા નથી તેમજ સદર ગ્રાહક દ્વારા લોડ ઘટાડા અંગેનો ટેસ્ટ રીપોર્ટ પણ સંલગ્ન પેટા વિભાગ કચેરીમાં જમા કરવામાં આવેલ હોય તેવું જોવા મળતું નથી. સદર ગ્રાહકના ખાતાની લેજર કોપી તેમજ તા.૧૨-૦૧-૨૦૨૪ ના રોજ કરવામાં આવેલ સ્થળ તપાસણી અહેવાલની નકલ રજુ કરેલ છે.

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Rajkot

૩.૪ પેટાવિભાગીય કચેરી દ્વારા કરાયેલ રોજકામ મુજબ સિંધાવદર ગામે માહીર ઓઈલમિલ ખાતે તા.૧૨-૦૧-૨૦૨૪ ના રોજ ગ્રામ્ય-૧ પેટાવિભાગીય કચેરીના નાયબ ઈજનેર અને ઇલેક્ટ્રિક આસી ગ્રામ્ય-૧ પેટાવિભાગીય દ્વારા સ્થળ રોજકામ કરવામાં આવેલ, તે મુજબ તે ગ્રાહક પ્રતિનિધિ શ્રી મોયુદીનભાઈ આમદભાઈ પરાસરાની હાજરીમાં સદર સ્થળ ચકાસણી કરતા તે ગ્રાહક નં ૩૪૭૫૭/૦૦૮૧૧/૨ ને ૧૦૦ કેવીએના વીજટ્રાન્સફોર્મર દ્વારા પાવર સપ્લાય પૂરો પાડવામાં આવે છે. સદર સ્થળ પર ૨૦૦/૫ એમ્પી. કેપેસીટીનું AVOH કંપનીનું વીજમીટર લાગેલ છે, જેના સીરીયલ નં PG 201046 છે, વીજમીટર પેટી પર ૦૨ સીલ લાગેલ છે. ટ્રાન્સફોર્મર સેન્ટરથી સીધો વીજમીટર સુધી ૧૫૦ SQMM ના પીવીસી કેબલ વડે વીજપુરવઠો પૂરો પાડવામાં આવે છે.

મીટરના લોડ સાઈડમાં ૨૦૦ AMP કેપેસીટીના ફ્યુઝ બોર્ડ પર લાગેલ છે. સદર મીટર લોડ સાઈડમાં આવેલ કારખાનાના શેડમાં તપાસ કરતા ત્યાં કોઇપણ પ્રકારની મશીનરીનો લોડ જોડેલ નથી. ફક્ત લાઈટીંગ લોડ જોડેલ છે, ઓદ્યોગિક લોડ જોડેલ નથી.

## ::હુકમ::

૪.૦ અરજદારે તથા સામાવાળાની લેખિત રજૂઆત અને રજુ કરાયેલા દસ્તાવેજી પુરાવાઓના આધારે ફોરમ દ્વારા નીચે મુજબનો નિર્ણય કરાયેલ છે.

૪.૧ મે. માહિર ઓઈલ મિલ ગ્રાહક નંબર ૩૪૭૫૭/૦૦૮૧૧/૨ થી ૫૬ કી.વો. નું LTMD ગ્રામ્ય-વીજજોડાણ પેટાવિભાગીય કચેરી વાંકાનેર હેઠળ ધરાવે છે.

૪.૨ અરજદારની રજૂઆત મુજબ તા.૨૯-૦૭-૨૦૨૦ ના રોજ લોડ ઘટાડા માટે નોંધણી ચાર્જ રૂ.૪૦૦/- રસીદ નં - WB811704 થી ભરપાઈ કરેલ, અરજી તેમજ તમામ ડોક્યુમેન્ટ તથા ટેસ્ટરીપોર્ટ આપેલ હતો, ત્યારબાદ તા.૨૦.૦૭.૨૦૨૧ થી રૂ.૪૬૪૬૫/- તા.૧૮-૦૧-૨૦૨૨ થી રૂ.૨૭૮૪૦/- એમ કુલ રૂ.૭૪૩૦૫/- વીજબીલમાં જમા આપેલ છે, ત્યારબાદ તા.૨૦-૦૭-૨૦૨૩ ના રોજ બીલમાં આ રકમ ડેબીટ કરેલ જેથી અરજદારે લોડ ઘટાડાની અરજી કરવા છતાં, વીજ કંપનીની ભૂલને કારણે આર્થિક નુકશાન થતું હોવાથી અરજદારે અત્રેના ફોરમ સમક્ષ રજૂઆત કરેલ છે.

૪.૩ ફરિયાદી અરજદારની રજૂઆત અન્વયે પીજીવીસીએલ પક્ષકારની લેખિત રજૂઆત તા.૧૬-૦૧-૨૦૨૪ મુજબ અરજદાર દ્વારા તા.૨૯-૦૭-૨૦૨૦ થી લોડ ઘટાડાની અરજી અન્વયે નોંધણી ચાર્જ ભરપાઈ કરેલ છે, પરંતુ તે અનુસંધાને જે તે વખતે લોડ ઘટાડા બાબતે કોઈજ કાર્યવાહી થયેલ હોય તેમ જણાયેલ નથી. અરજદારના બિલીંગ પી.આર.ટી.-૧૪૫ મુજબ રૂ.૪૬૪૬૫/- અને રૂ.૨૭૮૪૦/- એમ કુલ રૂ.૭૪૩૦૫/- વીજબીલમાં જમા આપેલ છે, પરંતુ લોડ ઘટાડો થયેલ ન હોવાથી ઓડીટ ટીમ દ્વારા માહે એપ્રિલ-૨૦૨૧ થી માહે માર્ચ-૨૦૨૨ ના ઓડીટ રીપોર્ટ તા.૨૫-૦૮-૨૦૨૩ અનુસંધાને સદર ગ્રાહકના ખાતામાં સદર રકમ રૂ.૭૪૩૦૫/- ડેબીટ કરવામાં આવેલ છે.

વધુમાં તા.૧૨-૦૧-૨૦૨૪ ના રોજ ફરિયાદી અરજદારના વીજજોડાણની સંલગ્ન પેટાવિભાગીય કચેરી દ્વારા ચકાસણી કરતા કોઇપણ પ્રકારનો ઓદ્યોગિક લોડ જોવા મળેલ નથી, ફક્ત લાઈટીંગ લોડ જોડેલ છે. અરજદારના વીજભાર ઘટાડાની અરજી અન્વયે સંલગ્ન રેકર્ડ તપાસતા મળેલ નથી.

૪.૪ નામદાર જીઈઆરસીના સપ્લાયકોડ નોટીફીકેશન નં. ૦૪/૨૦૧૫ ના ક્લોઝનં ૪.૮૮ થી ૪.૯૪ નીચે મુજબ છે.

"ક્લોઝ નં - ૪.૮૮ - અરજદાર આ સંહિતાનાં જોડાણ-૧ અને ૨ (લાગુ પડે તે પ્રમાણે) માં ઠરાવેલ ફોર્મેટમાં પરવાનેદારને વીજભાર ઘટાડા માટે અરજી કરી શકશે. જેની સાથે નીચેના દસ્તાવેજો જોડવા:

(૧) વીજસ્થાપનમાં ફેરફાર/સુધારા/વિદ્યુત ઉપકરણો દૂર કરવાની વિગતો અને તેની સાથે કામ પૂરું કર્યાનું પ્રમાણપત્ર અને સ્થાપનમાં ફેરફાર સામેલ હોય ત્યાં લાઇસન્સ ધરાવનાર વીજ-કોન્ટ્રાકટર પાસેથી લીધેલ પરીક્ષણ અહેવાલ.

(૨) કરાર માંગના ઘટાડા માટે બીજું કોઇ કારણ(ણો)"

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Rajkot

"ક્લોઝ નં - ૪.૮૯ - પરવાનેદાર, આ સંહિતાના ખંડો ૪ ૬૪ – ૪.૬૬ અનુસાર અરજી પત્રકની પ્રક્રિયા કરશે. સ્થળ નિરીક્ષણ માટે પરવાનેદાર અને અરજદાર બન્ને આ સંહિતાના ખંડ ૪.૨૬ -૪.૩૭ માં ઠરાવેલ કાર્યપધ્ધતિ અને સમય-રેખાને અનુસરશે."

"ક્લોઝ નં - ૪.૯૦ - પરવાનેદાર અરજીમાં દર્શાવેલ કારણો અંગે વિચારણા કરશે, નિરીક્ષણ દરમ્યાન તેની ખરાઈ કરશે અને નિરીક્ષણની તારીખથી ૭ કામકાજના દિવસોની અંદર વાજબી કારણ દર્શાવતો સંપૂર્ણ સ્પષ્ટીકરણ કરતો હુકમ આપીને અરજીનો નિર્ણય કરશે. જો પરવાનેદારના પગલા કે ભુલને કારણે ગ્રાહક નારાજગી અનુભવે તો તે પોતાની ફરિયાદના નિવારણ માટે સંબંધિત ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ સમક્ષ પોતાની રજૂઆત દાખલ કરી શકશે."

"ક્લોઝ નં - ૪.૯૧ - જો પરવાનેદાર, વીજભાર ઘટાડો મંજૂર કરે તો જરૂર હોય તો મીટર અને સર્વિસ લાઈન બદલી શકાશે અને અરજદાર પાસેથી ખર્ચ વસૂલ કરાશે. પરવાનેદાર એલ.ટી. સર્વિસ જોડાણનાં કેસમાં ૧૦ દિવસની અંદર, એચ.ટી. સર્વિસ જોડાણનાં કેસમાં ૧૫ દિવસમાં અને ઇ.એચ.ટી. સર્વિસ જોડાણનાં કેસમાં ૩૦ દિવસના પહોંચ-પત્ર અન્વયે ગ્રાહકને લેખિતમાં માંગ નોંધ આપશે અને તેના માટે પરવાનેદાર તથા અરજદાર બન્ને આ સંહિતાના ખંડો ૪.૩૩ – ૪.૩૭ માં ઠરાવેલ કાર્યપધ્ધતિ અને સમય-રેખાને અનુસરશે."

"ક્લોઝ નં - ૪.૯૨ - ઉપરના ખંડ ૪.૯૧ માં દર્શાવેલ મુદતમાં પરવાનેદાર દ્વારા અરજી અંગે નિર્ણય નહીં કરાય તો, અરજદાર પરવાનેદારને લેખિત નોટિસ દ્વારા આ બાબત પરત્વે તેમનું ધ્યાન દોરશે. જો ૧૫ દિવસની અંદર ગ્રાહકને કોઇ નિર્ણય નહીં જણાવવામાં આવે તો કરાર માંગમાં ઘટાડા અંગેની પરવાનગી મળી હોવાનું ગણવામાં આવશે."

"ક્લોઝ નં - ૪.૯૩ - જો પરવાનેદારે વીજભાર ઘટાડો સંપૂર્ણ સ્પષ્ટીકરણ કરતા આદેશ થકી મંજૂર કર્યો હોય તો તે નિરીક્ષણની તારીખથી અમલી બનશે અને ગ્રાહકને લેખિત પત્ર પહોંચ મોકલશે."

"ક્લોઝ નં - ૪.૯૪ - વીજભાર ઘટાડાને કારણે જામીન અનામત અંગે કોઇ તફાવત પડે તો તેનો ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગના (જામીન અનામત) વિનિયમો,૨૦૦૫ અને તેના વખતોવખત સુધારામાં કરેલ જોગવાઇ મુજબ સમાયોજિત (એડજેસ્ટ) કરવાની રહેશે."

૪.૫ સામેવાળા પક્ષકારની રજૂઆત મુજબ અરજદારના બિલીંગ ખાતામાં ક્રેડીટ રકમ આપવા માટે પેટાવિભાગીય કચેરીના જુ.આસી., સી.આસી., નાયબ અધીક્ષકની ચકાસણી થયા બાદ સંલગ્ન વિભાગીય કચેરીના અધિક્ષક હિસાબનીશ દ્વારા ચકાસણી થયા બાદ રકમ જમા કરવામાં આવતી હોય છે. પરંતુ સદર કેસમાં પ્રથમ વખત તા.૨૦.૦૭-૨૦૨૧ ના રોજ રૂ.૪૬૪૬૫/- પેટાવિભાગીય કચેરીના જુ.આસી. દ્વારા **Transection ID no.28286217** થી ત્યારબાદ બીજી વખત જુ.આસી. દ્વારા **Transection ID no.28670100** થી રૂ.૨૭૮૪૦/- તા.૧૮-૦૧-૨૦૨૨ ના રોજ ઉપરી અધિકારીઓ દ્વારા ચકાસણી કરીને નિયમ અનુસાર પેટાવિભાગીય / વિભાગીય/ વર્તુળ કચેરીના અધિકારીઓ દ્વારા મંજુરી મેળવીને સદર રકમ ફરિયાદી અરજદારના બિલીંગ ખાતામાં જમા આપવામાં આવેલ છે.

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Rajkot

આમ, જે તે વખતે અરજદારની લોડ ઘટાડાની અરજી અન્વયે સંલગ્ન આધાર-પુરાવાની ચકાસણી થયા બાદ જ રકમ જમા આપેલ હોય, તેમ જણાય છે.

૪.૬ સામેવાળા વીજકંપનીના ઇન્ટરનલ ઓડીટટીમ દ્વારા વાંકાનેર ગ્રામ્ય-૧ પેટાવિભાગીય કચેરીના ઓડીટ એપ્રિલ-૨૧ થી માર્ચ-૨૨ તા.૩૦-૦૪-૨૦૨૩ દરમ્યાન કરેલ જેના રીપોર્ટ તા.૦૨-૦૫-૨૦૨૩ થી રીકવરી પ્રપોઝ કરેલ છે, તેના એનેક્ષર એ -૧ – ૧.૧૩ સીરીયલ નં -૨૮ અને ૨૯ માં ગ્રાહકનું નામ માહિર ઓઈલ મિલ્સ ગ્રાહક નં ૩૪૭૫૭/૦૦૮૧૧/૨ માં નોંધાયેલ રીમાર્કસમાં "એસ.આર. નં -૧૩૦૨૧૮૩૪, **LR is cancelled by user.**" અનુસંધાને રીકવરી (રૂ.૪૬૪૮૫+રૂ.૨૭૮૪૦) પ્રપોઝ કરેલ છે, ત્યારબાદ સંલગ્ન વીજકંપનીની કચેરી દ્વારા તા.૨૦-૦૭-૨૦૨૩ ના રોજ અરજદારના બિલીંગ ખાતામાં સદર રકમ ડેબીટ કરવામાં આવેલ છે.

૪.૭ ઉપરોક્ત વિગતો અનુસંધાને પીજીવીસીએલ પક્ષકાર દ્વારા રજુ કરેલ **ADJESTMENT HISTORY** સદર વીજગ્રાહકની નીચે મુજબ નોધાયેલ છે.

| તારીખ | ટ્રાન્ઝેક્શન આઈ.ડી. | એકાઉન્ટ હેડ | રકમ રૂ. | રીમાર્કસ |
|---|---|---|---|---|
| ૨૦-૦૭-૨૧ | ૨૮૨૮૬૨૧૭ | ફિક્સ ચાર્જ | ૪૬૪૬૫.૦૦ | વીજભાર ઘટાડાની અસર **CRM** માં વિલંબિત આપેલ છે, જેથી રકમ જમા આપેલ છે. |
| ૧૮-૦૧-૨૨ | ૨૮૬૭૦૧૦૦ | ફિક્સ ચાર્જ | ૨૭૮૪૦.૦૦ | વીજભાર ઘટાડાની અસર **CRM** માં વિલંબિત આપેલ છે, જેથી રકમ જમા આપેલ છે. |
| ૨૦-૦૭-૨૩ | ૩૦૨૨૮૨૬૧ | એનર્જી ચાર્જ | ૪૬૪૬૫.૦૦ | ઓડીટ પેરા ૨૦૨૨-૨૩ ૧/૮ **R CODE DR** |
| ૨૦-૦૭-૨૩ | ૩૦૨૨૮૨૫૬ | એનર્જી ચાર્જ | ૨૭૮૪૦.૦૦ | ઓડીટ પેરા ૨૦૨૨-૨૩ ૧/૮ **R CODE DR** |

ઉપરોક્ત વિગતોનો અભ્યાસ કરતા તા.૨૦-૦૭-૨૧ ના રોજ ફિક્સચાર્જની રકમ જમા આપેલ છે. ત્યારબાદ ઓડીટ રીપોર્ટના આધારે જમા આપેલ રકમ તા.૨૦-૦૭-૨૩ ના રોજ ડેબીટ કરેલ છે, પરંતુ બન્નેમાં એકાઉન્ટ હેડ અલગ અલગ નોંધેલ છે, જે પણ સંલગ્ન અધિકારી / કર્મચારીની નિષ્કાળજી દર્શાવે છે.

૪.૮ ફરિયાદી અરજદાર ગ્રાહક નં ૩૪૭૫૭ – ૦૦૮૧૧ – ૧ એલ.ટી.એમ.ડી. વીજજોડાણના વીજવપરાશ અને વાસ્તવિક મહતમ વીજભારની વિગત નીચે મુજબ નોંધાયેલ છે.

| Year / Month | 2017 | | 2018 | | 2019 | | 2020 | | 2021 | | 2022 | | 2023 | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | Consumption | | Consumption | | Consumption | | Consumption | | Consumption | | Consumption | | Consumption | |
| | KWh | Actual MD | KWh | Actual MD | KWh | Actual MD | KWh | Actual MD | KWh | Actual MD | KWh | Actual MD | KWh | Actual MD |
| Jan | 4579 | 43.1 | 13 | 11 | 8020 | 60 | 0 | 1 | 0 | 1 | 0 | 1 | 418 | 20.9 |
| Feb | 444 | 49.5 | 60 | 3 | 13140 | 57 | 0 | 1 | 0 | 1 | 0 | 1 | 470 | 24.5 |
| Mar | 8372 | 52.4 | 2 | 6 | 14565 | 59 | 0 | 0 | 0 | 1 | 74 | 2.3 | 128 | 20.5 |
| Apr | 2150 | 54.4 | 0 | 1 | 30740 | 71.1 | 0 | 1 | 0 | 1 | 270 | 2.3 | 582 | 17.3 |
| May | 155 | 64.4 | 0 | 0 | 27339 | 58.3 | | | 0 | 1 | 177 | 0.2 | 567 | 9.9 |
| Jun | 151 | 5.5 | 0 | 1 | 26838 | 57 | 0 | 1 | 0 | 56 | 170 | 0 | 283 | 17.3 |
| Jul | 308 | 11.9 | 0 | 1 | 22924 | 53 | 0 | 1 | 633 | 56 | 340 | 0.1 | 138 | 15.4 |
| Aug | 600 | 20.1 | 0 | 1 | 32 | 1 | 0 | 1 | 220 | 0 | 170 | 0.1 | 335 | 12.3 |
| Sep | 346 | 23 | 13079 | 1 | 5 | 2 | 0 | 1 | 0 | 1 | 0 | 0 | 250 | 0 |
| Oct | 30 | 25 | 23460 | 65 | 0 | 1 | 0 | 1 | 0 | 1.2 | 468 | 18.1 | 511 | 13.7 |
| Nov | 34 | 3 | 28011 | 68.3 | 0 | 1 | 0 | 1 | 0 | 1 | 231 | 15.2 | 348 | 14.9 |
| Dec | 140 | 5 | 18880 | 58 | 0 | 1 | 0 | 1 | 0 | 1 | 232 | 12.6 | 0 | 0.1 |

ઉપરોક્ત વિગતોનો અભ્યાસ કરતા સ્પષ્ટ થાય છે કે અરજદારની રજૂઆત મુજબ તા.૨૯-૦૭-૨૦૨૦ ના રોજ કરારીત વીજભારમાં લોડ ઘટાડો કરવાની અરજીની નોંધણી કરાવેલ છે, અરજદારના સદર વીજજોડાણમાં માહે ઓગષ્ટ-૨૦૧૯ થી માહે સપ્ટેમ્બર-૨૦૨૨ દરમ્યાન વીજવપરાશ નહિવત માલુમ પડે છે, જે અરજદારની લોડ ઘટાડાની રજૂઆત સુસંગત જણાય છે.

Grievance Redressal Forum P.G.V.C.L. Rajkot

વધુમાં સદરકેસની સુનાવણી દરમ્યાન અરજદાર દ્વારા જણાવેલ કે સદર ઇન્ડસ્ટ્રીઝમાં આવેલ મશીનરીનું વેચાણ કરેલ છે, તેમજ હાલમાં ફક્ત લાઈટીંગ લોડનો વપરાશ ચાલુ કરેલ છે, તેમજ પીજીવીસીએલ પક્ષકારની રજૂઆત મુજબ તા.૧૨-૦૧-૨૦૨૪ ના રોજ વીજસ્થાપનની ચકાસણી કરતા હાલમાં કોઇપણ પ્રકારનો ઓદ્યોગિક લોડ જોડેલ નથી.

૪.૮ ઉપરોક્ત વિગતો મુજબ અરજદાર દ્વારા લોડ ઘટાડા માટે તા.૨૯-૦૭-૨૦૨૦ ના રોજ અરજી કરેલ છે, પરંતુ પીજીવીસીએલ પક્ષકારના રેકર્ડ મુજબ સદર અરજીને સંલગ્ન રેકર્ડ ઓફીસમાં ઉપલબ્ધ નથી, તેમજ સદર બાબતે કોઈ કાર્યવાહી થયેલ હોય તેનો પણ રેકર્ડ મળેલ નથી, વધુમાં સદર અરજી અન્વયે ઈ-ઉર્જા સીસ્ટમમાં એસ.આર.નં – ૧૩૦૩૪૮૨૧ થી ૫૬ કીવો કરારીત વીજભાર માંથી ૧૦ કીવોનો કરારીત વીજભાર કરવા માટે નોંધણી થયેલ છે, પરંતુ છેલ્લી સ્થિતિ મુજબ સદર અરજી કેન્સલ થયેલ છે. સદર વીજભાર ઘટાડાની અરજી અન્વયે પીજીવીસીએલ પક્ષકાર દ્વારા શું કાર્યવાહી કરવામાં આવેલ છે, તેનો કોઇપણ જાતનો રેકર્ડ ફોરમ સમક્ષ રજ કરવામાં આવેલ નથી, તેમજ ઈ-ઉર્જા સીસ્ટમમાં સદર અરજી કેન્સલ બતાવેલ છે, તેમજ પીજીવીસીએલ દ્વારા લોડ ઘટાડાની અરજી તા.૨૯.૦૭.૨૦૨૦ બાદ પીજીવીસીએલ પક્ષકાર દ્વારા તા.૨૦.૦૭.૨૦૨૧ અને તા.૧૮.૦૧.૨૦૨૨ ના રોજ વીજભાર ઘટાડા અન્વયે વધારે વસુલેલ રકમ સક્ષમ વિભાગીય / વર્તુળ કચેરીની મંજુરી બાદ જમા આપેલ છે. આમ, અરજદારની સદર રજૂઆત મુજબ પીજીવીસીએલ પક્ષકાર દ્વારા સદર કેસમાં નિયમ મુજબ કોઈ કાર્યવાહી થયેલ હોય તેમ સાબિત થતું નથી. તેમજ જવાબદાર અધિકારી / કર્મચારી સામે બેદરકારી બદલ કોઈ કાર્યવાહી કરવામાં આવેલ નથી જે પીજીવીસીએલ પક્ષકારની ગંભીર બેદરકારી દાખવેલ છે તેમ સ્પષ્ટ ફલિત થાય છે, જેથી જવાબદાર તમામ

અધિકારી / કર્મચારી સામે વીજકંપનીના નિયમ મુજબ જરૂરી કાર્યવાહી કરવા સામેવાળાની સંલગ્ન વર્તુળ કચેરીને સુચના આપવામાં આવે છે.

અરજદારની રજૂઆત મુજબ લોડ ઘટાડાની અરજી અન્વયે ટેસ્ટરીપોર્ટ રજુ કરેલ છે, પરંતુ હાલ તેઓ પાસે તેનો રેકર્ડ ઉપલબ્ધ નથી, તેમજ પીજીવીસીએલ પક્ષકાર પાસે કોઈપણ રેકર્ડ ઉપલબ્ધ ન હોવાથી તેમજ મુદ્દા નં ૪.૭ મુજબ અરજદારનો વીજવપરાશ પણ નહિવત માલુમ પડેલ છે, અને પીજીવીસીએલ દ્વારા લોડ ઘટાડા અન્વયે ૦૨ વખત રકમ જમા આપેલ છે, સદર બાબતોને ધ્યાનમાં રાખીને અરજદારની લોડ ઘટાડાની અરજી કરેલ હોવા છતાં પીજીવીસીએલ પક્ષકાર દ્વારા ઓડીટ રીપોર્ટના આધારે તા.૨૦.૦૭.૨૦૨૩ ના રોજ રકમ રૂ.૪૬૪૬૫/- અને રૂ.૨૭૮૪૦/- ડેબીટ કરેલ છે, જે રદ કરવાની અરજદારની રજૂઆત કુદરતી ન્યાયના સિદ્ધાંતને ધ્યાને રાખીને ગ્રાહ્ય રાખવામાં આવે છે, આથી સદર ગ્રાહકના બિલીંગ ખાતામાં જે રકમ ડેબીટ કરેલ છે, તે રદ કરવી અને અરજદારનો કરારીત વીજભાર સપ્લાય કોડના ક્લોઝ નં - ૪.૯૨ મુજબ ૧૦ કીવોનો કરારીત વીજભાર ગણતરીમાં લેવો, વધુમાં નાણાકીય વર્ષ -૨૦૨૨-૨૩ અને નાણાકીય વર્ષ-૨૦૨૩-૨૪ માં ૧૦ કીવો કરતા વધુ વીજભાર વપરાશ થયેલ છે, જેથી સદર બાબતે લોડ વધારાની નિયમાધીન કાર્યવાહી કરવા અરજદારને જાણ કરવામાં આવે છે, અન્યથા પીજીવીસીએલ પક્ષકાર દ્વારા સપ્લાય કોડના ક્લોઝ નં - ૪.૯૫ મુજબ આગળની નિયમાધીન કાર્યવાહી કરવાની રહેશે, કરેલ કાર્યવાહીનો વિગતવાર રીપોર્ટ અત્રેના ફોરમને દિવસ-૧૫ માં કરવા પીજીવીસીએલ પક્ષકારને સુચના આપવામાં આવે છે.

Joshi. Nitin H.

(એન.એચ.જોષી)

સભ્ય (સ્વતંત્ર)

(એન.સી.મકવાણા)

ચેરપર્સન

નોંધ: અરજદાર સદર હુકમથી નારાજ હોય તો સદર હુકમ મળ્યાની તારીખથી દિવસ-૩૦ માં વિદ્યુત લોકપાલમાં રજૂઆત કરી શકે છે. આ રજૂઆત કરવા માટે ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) વિનિયમો' ૨૦૧૯ જાહેરનામા નં.૨/૨૦૧૯ ની કલમ ૩.૧૯ મુજબની બધી શરતો સંતોષવામાં આવેલ હશે તો જ તેવી રજૂઆત લોકપાલ સ્વીકારશે અને કલમ ૩.૧૯ (૮) મુજબ ફરિયાદીએ જરૂરી હોય તો ફોરમના હુકમના સંદર્ભમાં પરવાનેદાર પાસે એક તૃતીયાંશ રકમ જમા કરાવી હોય અને કરેલ ચૂકવણીની સાબિતી રજૂ કરી હોય, તો જ તેવી રજૂઆત લોકપાલ સ્વીકારશે. લોકપાલશ્રીની કચેરીનું સરનામું: "જીલ્લા સેવા સદન- ૩, ત્રીજો માળ - બ્લોક નં -૧, ગવર્મેન્ટ પ્રેસ રોડ, રાજકોટ – ૩૬૦૦૦૧, ફોન નં –૦૨૮૧-૨૯૯૪૧૨૫

Consumer Grievance Redressal Forum
P.G.V.C.L.
Rajkot